# Subject Code : QDB-51

## સંચાલન (મુખ્ય પરીક્ષા)

### (Gujarati Medium)

સમય : 3 કલાક	કુલ ગુણ : 200

**સૂચના :** (1) પ્રશ્નપત્ર **A, B** અને **C** વિભાગમાં છે. પ્રત્યેક વિભાગમાં લખવાના પ્રશ્નો તથા તેના ગુણ આપવામાં આવેલ છે.

(2) પ્રત્યેક વિભાગમાં પ્રશ્નોના જવાબ એક સાથે – સળંગ ક્રમવાર જવાબવહીમાં લખવાના રહેશે. તેમજ એક વિભાગના પ્રશ્નોના જવાબ સાથે બીજા વિભાગના પ્રશ્નોના જવાબ લખવા નહીં. જો આ રીતે એક વિભાગના પ્રશ્નોના જવાબ સાથે બીજા વિભાગના પ્રશ્નોના જવાબ લખેલા હશે તો તે તપાસવામાં આવશે નહીં.

(3) વિભાગ **A, B** અને **C** માં ના પ્રશ્નોના જવાબ નિર્ધારિત શબ્દોમાં લખવા.

(4) જો અંગ્રેજી ભાષામાં આપવામાં આવેલ પ્રશ્નો અને તેના ગુજરાતી અનુવાદમાં તફાવત જણાય તો, અંગ્રેજી ભાષાનો પ્રશ્ન તે માટે માન્ય ગણવાનો રહેશે.

(5) ઉત્તર અંગ્રેજી અથવા ગુજરાતી બે પૈકી આપે વિકલ્પ આપેલ એક જ ભાષામાં લખવાના રહેશે. બંને ભાષામાં જવાબો એક સાથે લખી શકાશે નહીં.

## વિભાગ-A

**સૂચના :** (1) પ્રશ્ન ક્રમાંક : **1** થી **20.**

(2) બધા જ **20** પ્રશ્નોના જવાબો લખવાના છે.

(3) દરેક પ્રશ્નના **2** ગુણ છે.

(4) જવાબ આશરે **20** થી **30** શબ્દોમાં લખવા.

1. સાંભળવું – શબ્દની વ્યાખ્યા આપો.
2. સામૂહિક સોદા એટલે શું ?
3. કર્મચારીઓની પ્રેરણા વધારતા કોઈપણ પાંચ નાણાકીય પરિબળો જણાવો.
4. સમતુટ એટલે શું ?
5. ચાલુ અસ્કયમાતો અને ચાલુ જવાબદારીઓ તરીકે કઈ બાબતો ધ્યાનમાં લેવાય છે ? દરેકની પાંચ બાબતો જણાવો.
6. હુકમની એકસૂત્રતા (Unity of command) અને દિશાની એકસૂત્રતા (unity of direction)નો સિદ્ધાંત સમજાવો.
7. "બ્રાન્ડીંગ" (branding)ની વ્યાખ્યા આપો.
8. "બ્રાન્ડ ઇક્વિટી" (brand equity) એટલે શું ?
9. સત્તાના વિવિધ સ્ત્રોત કયા છે ? તે પૈકીના કોઈપણ ચાર જણાવો.
10. સત્તાની સોંપણી એટલે શું ?
11. ભંડોળ પ્રવાહ વિશ્લેષણના લક્ષમાં ભંડોળની વ્યાખ્યા આપો.
12. બજાર વ્યવસ્થામાં 4Ps કયા છે ?
13. શૂન્ય આધારિત અંદાજ પ્રક્રિયા (zero based budgeting) એટલે શું ?
14. તાલીમની વિવિધ પદ્ધતિઓ કઈ છે ?
15. સંચાલનનું આયોજન કાર્ય સમજાવો.
16. કર્મચારી ભરતી એટલે શું ?
17. ઔદ્યોગિક વિવાદોના પતાવટ હેતુ માટે ભારતના ઔદ્યોગિક વિવાદ એક્ટ, 1947માં કઈ સત્તાઓની જોગવાઈ કરવામાં આવેલ છે ?

RIJADEJA.com

18. "સ્ટાફીંગ" (Staffing)ની વ્યાખ્યા આપો.

19. મેનેજર (સંચાલક)ની સત્તાના વિવિધ સ્ત્રોતો/આધારો જણાવો.

20. નાણાકીય સંચાલકના વિવિધ કાર્યો કયા છે ?

## વિભાગ-B

સૂચના : (1) પ્રશ્ન ક્રમાંક : **21 થી 32.**
(2) બધા જ **12** પ્રશ્નોના જવાબો લખવાના છે.
(3) દરેક પ્રશ્નના **5** ગુણ છે.
(4) જવાબ આશરે **50 થી 60** શબ્દોમાં લખવા.

21. તંત્રમાં પ્રેરણાનું મહત્ત્વ સમજાવો.

22. Learning Organization (શીખતું તંત્ર)ની વિભાવના શું છે ?

23. ભારતનો સમાન વેતન ધારો, 1976 ઘડવા પાછળના મુખ્ય ચાવીરૂપ આશયો જણાવો.

24. બજાર વ્યવસ્થા સંશોધનની પ્રક્રિયાના વિવિધ તબક્કાઓ જણાવો.

25. "નીસ્ માર્કેટીંગ" (Niche Marketing) અને સામુદાયિક બજાર વ્યવસ્થા (Mass Marketing) વચ્ચેનો તફાવત ઉદાહરણ આપી સમજાવો.

26. નવી વસ્તુના વિકાસની પ્રક્રિયામાં સમાવિષ્ટ થતાં તબક્કાઓ જણાવો.

27. વ્યાજ આવરણ ગુણોત્તર સમજાવો. તે શા માટે અગત્યના છે ?

28. કોઈપણ કંપનીના વિશ્લેષણ માટે ભંડોળ પ્રવાહ પત્રકો શા માટે અગત્યના હોય છે ?

29. પેઢીના ડિવિડન્ડ-નિર્ણયને અસરકર્તા પરિબળો કયા છે ? તે પૈકીના કોઈપણ બે સમજાવો.

30. માનવ સંસાધન સંચાલન અને માનવ સંસાધન વિકાસના પ્રાથમિક કાર્યો જણાવો.

31. ઔદ્યોગિક વિવાદ એક્ટ, 1974 અન્વયે ઔદ્યોગિક વિવાદોની પતાવટની પદ્ધતિઓ ચર્ચો.

32. તંત્ર-વ્યવસ્થા (organizing)ના વિવિધ પેટા-કાર્યો કયા છે ?

## વિભાગ-C

સૂચના : (1) પ્રશ્ન ક્રમાંક : **33 થી 39.**
(2) નીચેના **7** પૈકી ગમે તે **5** પ્રશ્નોના જવાબો લખવાના છે.
(3) દરેક પ્રશ્નના **20** ગુણ છે.
(4) જવાબ આશરે **200** શબ્દોમાં લખવા.

33. શું સંચાલન એક કળા અથવા વિજ્ઞાન અથવા વ્યવસાય છે ? તમારા જવાબનું સમર્થન કરો.

34. ભારતીય વાતાવરણમાં કયા વિવિધ બજાર વ્યવસ્થા સંદેશાવ્યવહાર મિશ્રણ ઉપયોગમાં લેવાય છે ?

35. ગુણોત્તર વિશ્લેષણ, એ સૌથી વધારે વપરાતી પદ્ધતિ હોવા છતાં, નાણાકીય કામગીરીના વિશ્લેષણ માટેની શ્રેષ્ઠ પદ્ધતિ નથી. ચર્ચો.

36. "એવી દલીલ કરવામાં આવે છે કે તંત્રમાં કર્મચારીઓને ટકાવવા (employee-retention) એ કોઈપણ તંત્રની સફળતા માટેની ચાવી છે." ટિપ્પણી કરો.

37. જાહેર ક્ષેત્રોને તેમના નાણાકીય સંચાલનમાં પડતી સમસ્યાઓની ચર્ચા કરો.

38. તંત્રમાં કર્મચારી સંબંધ સુધારા માટે તંત્ર દ્વારા અપનાવવામાં આવતી વિવિધ વ્યૂહરચનાઓ ચર્ચો.

39. કર્મચારીની ફરિયાદોના ઉકેલ માટેની વિવિધ રીતો/તબક્કાઓ ચર્ચો.



RIJADEJA.com